બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩/૦૨/૨૦૧૯

વંચાણે લીધાઃ (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ

સુધારા ઠરાવઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં તૈયાર સંદર્ભ (Ready Reference) માટે ગુજરાત રાજયની ૩૬ અનુસૂચિત જાતિઓની યાદી પરિશિષ્ટ-ક મુજબ રાખેલ છે, તેમજ ૩૨ અનુસૂચિત જનજાતિઓની યાદી પરિશિષ્ટ-ખ મુજબ રાખેલ છે. રાજય સરકાર હેઠળના અનામતના હેતુ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોની યાદી પરિશિષ્ટ-ગ મુજબ રાખેલ છે. તેમજ ભારત સરકાર હેઠળના અનામતના હેતુ માટે અન્ય પછાત વર્ગોની યાદી પરિષિષ્ટ-ધ મુજબ રાખેલ છે. જયારે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને અન્ય પછાત વર્ગોની યાદીમાંની સર્વે જાતિઓને બાદ કરતા બિન અનામતા વર્ગો જૂથો , સમૂહો અને જાતિઓની યાદી પરિશિષ્ટ-ચ મુજબ રાખેલ છે.

સદર ઠરાવ સાથે સામેલ અનુસૂચિત જનજાતિઓ માટેની યાદી પરિશિષ્ટ-ખ માં ક્રમ.૨૬ માં "સિદ્ધિ, સિદ્ધિ-બાદશાહ (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ, અને સુરેન્દ્રનગર જિલ્લાના)" દર્શાવેલ છે. પરંતુ ભારત સરકાર દ્વારા ગુજરાત રાજય માટે જાહેર કરેલ અનુસૂચિત જનજાતિની યાદીમાં ક્રમ.૨૬ પર " સિદ્ધિ, સિદ્ધિ-બાદશાહ (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, અને સુરેન્દ્રનગર જિલ્લાના) " છે. આમ ઉપરોકત પરિશિષ્ટ-ખ માં શરત ચૂકથી

ટાઇપ ભૂલથી "કચ્છ" શબ્દ લખાઇ ગયો છે. તેથી તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવના પરિશિષ્ટ-ખ માં ક્રમ.૨૬ પર " સિદ્દિ, સિદ્દિ-બાદશાહ (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, અને સુરેન્દ્રનગર જિલ્લાના) " વાંચવું એટલે કે કૌંસમાં દર્શાવેલ જિલ્લાઓમાં કચ્છ ગણવાનું રહેતું નથી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નં .વિજાક/જન/જાપ્રપ/૨૦૧૮-૧૯/૨૫૯
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં .૪ /૩, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં .૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેકસ નં ૨૩૨૫૩૨૪૬
E.MAIL: dire-dcw@gujarat.gov.in
તા. ૬/ ૩ /૨૦૧૯

નકલ રવાના જાણ સારૂ:-

૧. જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) જિ......

૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) જિ......

(એમ.પી.ઠાકર)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર